**ફોજદારી કેસ નં.૫૦૦૪૪૮૪/૨૦૧૬**

**આંક–૧ લગત હુકમ**

હાલના કામે ફરીયાદીએ હાલની ફરીયાદ **તા.૨૪/૦૫/૨૦૧૩** ના રોજ દાખલ કરેલ છે. ત્યારબાદ સદર કામે મારા પૂરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ધ્વારા આંક–૦૧ લગત હુકમ કરી સદર ફરીયાદ ક્રિમી.કેસ રજીસ્ટરે લેવાનો **તા.૨૨/૧૧/૨૦૧૬** ના રોજ હુકમ કરેલ છે. સદર કામે આરોપીને સમન્સ કરતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા છે. ત્યારબાદમાં ફરીયાદી ધ્વારા ફરીયાદ દાખલ કર્યા બાદ હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો તેમના ધ્વારા કે તેમના વિ.વ.શ્રી ધ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. તેમજ સદર કામે ફરીયાદીને **આંક–૦૬** થી રજુ નોટીસ પણ કરવામાં આવેલ છે, જે પણ તેઓ મકાન વેચીને કયાંક જતાં રહેલ હોવાના શેરા સાથે વગર બજે પરત આવેલ છે. આવા સંજોગોમાં હાલની આ ફરીયાદ કર્યા બાદ ઘણા લાંબા સમયથી હાજર રહેલ ન હોવાના કારણે ફરીયાદીની ગેરહાજરી તથા આજ દિવસ સુધી ફરીયાદી ધ્વારા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આ તબકકે ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી ધ્વારા હાલની ફરીયાદ બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી કે તેઓ જાતે હાજર રહેતા નથી. જે ફરીયાદીની પોતાની ફરીયાદ તેમજ ન્યાયીક કાર્યવાહી પ્રત્યેની ભારોભાર બેદરકારી હોવાનું સુચવે છે. વધુમાં ફરીયાદી તરફે ઘણા લાંબા સમયથી હાજર રહીને કે વકીલશ્રી મારફત કોઈ અરજીઓ આપવામાં આવેલ નથી. આમ, ફરીયાદી અવાર નવાર હાજર ન રહી ને હાલની ફરીયાદ આગળ ચલાવવામાં કોઈ રસ ન ધરાવતા હોવાનું ફલિત થાય છે. જેથી હાલની આ ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ ગણી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૯ મી માહે–માર્ચ સને–૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવે છે.

તા.૦૯/૦૩/૨૦૨૪
સ્થળ:–અમદાવાદ.

(કુ. ભારતી જી. રાઠોડ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૨, અમદાવાદ.
UNIQUE CODE GJ-01481